ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક: પગર-૧૦૦૯- ૧૯ -પગાર એકમ(મ)

સચિવાલય, ગાંધીનગર

તા. ૨૬ - ૫- ૨૦૦૯

સંદર્ભ ક: નાણા વિભાગનાતા.૨૭-૨-૨૦૦૯નું જાહેરનામું

ક:(જીએન-૮) પગર-૧૦૦૯-૨-પગાર એકમ

નાણા વિભાગના ઉપર સંદર્ભમાં દર્શાવેલ જાહેરનામાથી ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો,૨૦૦૯ તા. ૧-૧-૨૦૦૬ થી અમલમાં આવેલ છે અને તેના અનુસંધાનમાં તા.૧-૪-૨૦૦૯ની અસરથી સુધારેલ પગાર આકારવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ તા.૧-૧-૨૦૦૬થી અમલમાં આવવાને કારણે કર્મચારીઓ/અધિકારીઓએ છઠ્ઠા પગાર પંચના સ્વીકાર અંગેનો વિકલ્પ આપવામાં થયેલ ક્ષતિને કારણે તથા એવા કર્મચારીઓ/અધિકારીઓ જેમને તા.૧-૧-૨૦૦૬ અગાઉ કે પછી સુધાર્યા પૂર્વેના પગાર ધોરણમાં બઢતી/ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવેલ હોય એવા કર્મચારીઓએ બદલાયેલા સંજોગોમાં, અગાઉ આપેલ વિકલ્પને કારણે તેમને કાયમી આર્થિક નુકશાન થતું હોઈ, અગાઉ આપેલ વિકલ્પ બદલવાની મંજુરી આપવા રજુઆત કરેલ હતી. આ રજુઆત પરત્વે સહાનુભૂતિપૂર્વકની વિચારણાને અંતે કર્મચારીઓ/અધિકારીઓને કાયમી નુકશાન ન થાય તે હેતુથી વિકલ્પ બદલવા અંગે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

## ઠરાવ

૧. કર્મચારી/અધિકારીઓ નીચે જણાવેલ કીસ્સાઓમાં અગાઉ આપેલ વિકલ્પ માંત્ર એકવાર બદલી શકશે. કર્મચારી/અધિકારીઓએ તા.૩૦-૯-૨૦૦૯ સુધીમાં સંબંધિત સક્ષમ સત્તાધિકારી સમક્ષ વિકલ્પ રજુ કરવાનો રહેશે. ત્યાર બાદ આવી માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં કે વિકલ્પ બદલવા અંગેની સમયમર્યાદા વધારવામાં આવશે નહીં.

૨. જે કર્મચારી/અધિકારીઓને તા.૧-૧-૨૦૦૬ અગાઉ સુધાર્યા પૂર્વેના પગાર ધોરણમાં બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણ યોજનાનો લાભ આપવામાં આવેલ હોય અને તેમણે તા.૧-૧-૨૦૦૬ પછીની તેમની ઈજાફાની તારીખે પગાર બાંધણીનો વિકલ્પ આપેલ હોય તેવા કેસમાં અગાઉ આપેલ વિકલ્પ બદલવા માંગતા કર્મચારી/અધિકારીઓ વિકલ્પ બદલી શકશે.

૩. જે કર્મચારી/અધિકારીએ ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ હેઠળ છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સ્વીકારવાનો વિકલ્પ આપેલ હોય તેવા કર્મચારી/અધિકારીઓ તેમણે આપેલ વિકલ્પ બદલવા માંગતા હોય વિકલ્પ બદલી શકશે.

૨..

૪. ગુજરાત રાજ્ય સેવા(પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ ના નિયમ- ૧૩(૨) હેઠળ જે કર્મચારી/અધિકારીએ તેઓનો વિકલ્પ બદલેલ હશે તેવા કર્મચારી/અધિકારીઓ પણ વિકલ્પ બદલી શકશે.

૫. વિકલ્પમાં ફેરફારને કારણે જો કોઈ રકમ વસુલ કરવાની થાય તો તે મળવાપાત્ર પગાર તફાવતની રકમમાંથી વસુલ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(પી.બી.દરજી)
નાયબ સચિવ
નાણા વિભાગ

પ્રતિ,
* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
માન. મંત્રીશ્રીઓ/ રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓ ના અંગત સચિવશ્રી.
માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
*સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ.
સચિવાલયના સર્વે વિભાગો.
સર્વે ખાતાના વડાઓ/ કલેકટરશ્રીઓ/ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
સર્વે કચેરીના વડાઓ
એકાઉન્ટન્ટ જનરલશ્રી, (૧) ઓડીટ, અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), રાજકોટ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(૨) (એ. એન્ડ ઈ.), અમદાવાદ
સીનીયર એકાઉન્ટન્ટ જનરલશ્રી,(ઓડીટ), રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
પગાર અને હિસાબી અધિકારીશ્રી, નર્મદા યોજના, ગાંધીનગર/વડોદરા
સર્વે સહાયક નિરીક્ષકશ્રીઓ/નિરીક્ષકશ્રી,સ્થાનિક ભંડોળ હિસાબ.
નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/ અમદાવાદ
માહિતી કમિશનરશ્રી,(ગુ.રા.)ની કચેરી,
આ ઠરાવને વ્યાપક પ્રસિધ્ધિ મળે તે જોવાની વિનંતી સાથે.
નાણા વિભાગના સર્વે અધિકારીઓ/ સર્વે શાખાઓ
<u>પસંદગી ફાઈલ નાણા વિભાગ- મ. ચ. પેન્શન અને ઝ શાખા</u>
* પત્ર દ્વારા